નીચે જણાવેલ ફોર્મ વિનામૂલ્યે હોઈ યુનિવર્સિટી વેબ સાઈટ www.ngu.ac.in પર મૂકેલ છે જેને આપ ડાઉન લોડ કરી શકો છો.

- માઈગ્રેશન ફોર્મ
- પદવી પ્રમાણપત્ર
- ગુણ ચકાસણીનું ફોર્મ
- પુનઃ મૂલ્યાંકનનું ફોર્મ
- ટ્રાન્સસ્ક્રીપ્ટ

## માઈગ્રેશન પ્રમાણપત્ર મેળવવા માટે રજુ કરવાના જરૂરી દસ્તાવેજો.

- સૌ પ્રથમ વિદ્યાર્થીએ નિયત નમુનાનું અરજીપત્રક યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ડાઉન લોડ કરવું અથવા તો યુનિવર્સિટીના પૂછપરછ બારી પરથી વિના મૂલ્યે ફોર્મ મળી શકશે.
- વિદ્યાર્થીએ છેલ્લે જે કોલેજમાં અભ્યાસ કર્યો હોય તે કોલેજના આચાર્યશ્રીના સહી સિકકા માઈગ્રેશન ફોર્મમાં કરાવી, તેમજ તે કોલેજમાંથી ઓરીજનલ ટ્રાન્સફર સર્ટિફિકેટ (ટી.સી.) તેમજ છેલ્લે પરીક્ષા પાસ કરી હોય તે ગુણપત્રક પર તે જ કોલેજના આચાર્યશ્રી ધ્વારા પ્રમાણિત કરાવી સંપૂર્ણ ભરેલા અરજીપત્ર સાથે જોડવાના રહેશે.
- આ યુનિવર્સિટી વિસ્તારમાંથી એક્ષટર્નલ વિદ્યાર્થી તરીકે એમ.એ., એમ. કોમ માં અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જે તે કોલેજમાં સ્નાતક કક્ષાએ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તે જ જગ્યાએથી તે કોલેજના આચાર્યશ્રીના સહી સિકકા સાથે ટી.સી. રજૂ કર્યેથી આ યુનિવર્સિટીમાંથી માઈગ્રેશન મળવાને પાત્ર થશે જેની સર્વે એ નોંધ લેવી.
- યુનિવર્સિટી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ ફી યુનિવર્સિટી કેશ કાઉન્ટર અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નામનો નિયત ફી નો ડીમાન્ડ ડ્રાફટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.

## ડુપ્લીકેટ માર્કશીટ

- જો વિદ્યાર્થીને **ચાલુ વર્ષની ડુપ્લીકેટ** માર્કશીટ કઢાવવી હશે તો તેને સોગંદનામુ રૂા. ૨૦/—ના સ્ટેમ્પ પર નોટરીની સહી સિકકા કરાવી રજુ કરવાનું રહેશે.
- ડુપ્લીકેટ માર્કશીટ કઢાવવા માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટીએ નિયત કરેલ ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરીને અરજી કરવાની રહેશે.
- ફોર્મની સાથે વિદ્યાર્થી પાસે જો ખોવાયેલ માર્કશીટની ઝેરોક્ષ નકલ હોય તો તે જોડવી તેમજ સરનામુ પૂરેપુરૂ લખવું જરૂરી છે.
- વિદ્યાર્થી પાસે ખોવાયેલ માર્કશીટની ઝેરોક્ષ નકલ ન હોય તો વિદ્યાર્થીએ જે વર્ષની ડુપ્લીકેટ માર્કશીટની જરૂર હોય તેની પરીક્ષાનું નામ મહિનો અને વર્ષ અને તેનો બેઠક નંબર તેમજ તેનું પુરૂપુરૂ નામ અને કોલેજના નામની વિગતો ફોર્મમાં ભરવી જરૂરી છે.
- યુનિવર્સિટી ધ્વારા પરિણામ જાહેર થયા તારીખ થી ૧ થી ૩ વર્ષ સુધી પ્રતિ ડુપ્લીકેટ માર્કશીટ દીઠ ફી રૂા. ૧૦૦/– રૂપિયા તેમજ ૩ વર્ષ કરતા વધારે સમય હોય તો પ્રત્યેક ડુપ્લીકેટ માર્કશીટ દીઠ ફી રૂા. ૨૦૦/– નિયત થયેલ છે.
- યુનિવર્સિટી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ ફી યુનિવર્સિટી કેશ કાઉન્ટર રોકડા અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નામનો નિયત ફી નો ડીમાન્ડ ડ્રાફટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.

## ગુણપત્રકની ખરાઈ

- ગુણપત્રકોની ખરાઈ માટે નિયત નમુનામાં અરજી કરવાની રહે છે.
- નિયત નમૂનાની સાથે જે માર્કશીટની ખરાઈ કરાવવાની હોય તે વિદ્યાથીએ એક વધારાનો સેટ આચાર્યશ્રી ધ્વારા પ્રમાણિત કરાવેલ નકલ ફરજીયાત આપવાનો રહેશે.

- જો કોઈ સરકારી કે અર્ધસરકારી કે ખાનગી સંસ્થા ધ્વારા ગુણપત્રક ખરાઈ કરવામાં આવતી હોય તો તેવા સંજોગોમાં જે તે સંસ્થાએ વિદ્યાશાખા દીઠ રૂા. ૫૦૦/– ફી ભરવાની રહેશે.
- વિદ્યાર્થી પોતે ખરાઈ કરાવવા માંગતો હોય તો તે વિદ્યાર્થીને રૂા. ૩૦૦/– ફી ભરવાથી બે સેટ ગુણપત્રકની ખરાઈ કરી આપવામાં આવેશે.
- જો વિદ્યાર્થીવધારાના સેટની જરૂરીયાત જણાયતો પ્રતિ સેટના રૂા. ૧૦૦/–ભરવાના રહેશે.

## ગુણપત્રકના સુધારા માટે

- જો કોઈ વિદ્યાર્થીને પોતાના નામ, પિતાના નામ, કે અટક કે વિષયોમાં ભૂલ હોય તેવા વિદ્યાર્થીએ પોતાના નામ સુધારવા માટે જરૂરી આધાર પુરાવા જેમ કે સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટ ધોરણ–૧૨ની પ્રમાણિત ગુણપત્રકની નકલ કે અન્ય કોઈ એક પુરાવા અરજી સાથે જોડી અને આચાર્યશ્રીની ભલામણ સાથે યુનિવર્સિટીમાં રજુ કરવાના રહેશે.
- વિદ્યાર્થીએ અરજી પર પૂરેપુરૂ પત્રવ્યવહારનું પુરૂ સરનામુ તેમજ ગામ, તાલુકો અને જિલ્લાનું નામ, અને મોબાઈલ નંબર નો ઉલ્લેખ કરવો આવશ્યક છે.
- ગુણપત્રક સુધારણા માટે યુનિવર્સિટી તરફથી ૧ થી ૩ વર્ષ સુધી ગુણપત્રક દીઠ રૂા. ૧૦૦/– તેમજ ૩ વર્ષ કરતા વધારે સમયની હોય તેવા સંજોગોમાં પ્રત્યેક ગુણપત્રક દીઠ રૂા. ૨૦૦/– ફી નિયત થયેલ છે જે યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડેથી અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.

## કામચલાઉ પદવી પ્રમાણપત્ર

- કામચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવવા માટે યુનિવર્સિટીના પૂછપરછ કાઉન્ટર પરથી વિના મૂલ્યે ફોર્મ મેળવી તેની સાથે જે પરીક્ષા માટે કામ ચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવવાનું હોય તેની માર્કશીટની પ્રમાણિત કરેલ નકલ બીડવાની રહે છે.
- કામચલાઉ પદવી પ્રમાણપત્રની નિયત ફી રૂા. ૧૦૦/– યુનિવર્સિટી કેશ કાઉન્ટર અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.

## પદવી પ્રમાણપત્ર

- જે વિદ્યાર્થીએ વર્ષ ૨૦૦૬ કે તે પહેલા પરીક્ષા આપેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પદવી પ્રમાણપત્ર માટેનું નવું ફોર્મ ભરવુ પડે છે. અને યુનિવર્સિટી ધ્વારા નિયત કરવામાં આવેલ રૂા. ૨૦૦/– ફી યુનિવર્સિટી કેશ કાઉન્ટર રોકડા અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.
- પદવીપ્રમાણ પત્ર મેળવવા માટે ફોર્મ સાથે સ્નાતક કક્ષા તેમજ અનુસ્નાતક કક્ષાની આખરી માર્કશીટ આચાર્યશ્રી ધ્વારા પ્રમાણિત કરી ફોર્મ સાથે જોડવાની રહેશે.
- વિદ્યાર્થીએ પોતાનું પદવીપ્રમાણપત્ર મેળવવા ઈચ્છતા હોય તેમને પરીક્ષા ફોર્મ ભરતી વખતે પોતાના રહેઠાણનું કાયમી સરનામું ફોર્મમાં દર્શાવવુ જેથી કરીને આપને નિયત સમયમાં અને નિયત જગ્યાએ આપનું પદવી પ્રમાણપત્ર મળી રહે.
- પદવી પ્રમાણપત્રની વખતો વખત યુનિવર્સિટી ધ્વારા ફી નિયત કરવામાં આવે તે ફી યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડા અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.

## પદવી પ્રમાણપત્રના સુધારા માટે

- જો કોઈ વિદ્યાર્થીને પોતાના નામ, પિતાના નામ, કે અટક કે વિષયોમાં ભૂલ હોય તેવા વિદ્યાર્થીએ પોતાની સાચી વિગતોના આધાર પુરાવા રુપે જે વિદ્યાર્થીએ છેલ્લા સેમેસ્ટર / વર્ષ ની પાસ કરેલ માર્કશીટની પ્રમાણિત નકલ રજુ કર્યેથી યુનિવર્સિટી ધ્વારા આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

- વિદ્યાર્થીએ અરજી પર પૂરેપુરૂ પત્રવ્યવહારનું સરનામુ તેમજ ગામ,તાલુકો અને જિલ્લાનું નામ, અને તેમજ મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.
- યુનિવર્સિટી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ પદવી પ્રમાણપત્રમાં સુધારા માટેની ફી રૂા. ૩૦૦/– નિયત થયેલ છે જે યુનિવર્સિટી કેશકાઉન્ટ પર રોકડા અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના ના નામનો ડીમાન્ડ ડ્રાફટ કાર્યાલયમાં રજૂ કરાવવાનો રહેશે.

## ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર મેળવવા અંગે

- નિયત કરેલફોર્મ યુનિવર્સિટીના પૂછ–પરછ કાઉન્ટર પર તેમજ યુનિ.ની વેબસાઈડ પરથી ફોર્મ ભરીને તેને રજુ કરવાનુ રહેશે.
- ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ જયુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ રૂા. ૨૦/–ના સ્ટેમ્પ પર સોગંદનામુ રજુ કર્યેથી પદવી પ્રમાણપત્ર યુનિ.ધ્વારા નિયત કરવામાં આવેલ ફી લઈ કાઢી આપવામાં આવશે.
- ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર મેળવવા માટે યુનિવર્સિટી ધ્વારા રૂા. ૫૦૦/– નકકી કરેલ છે યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડા અથવા તો કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફટ કાર્યાલયમાં રજૂ કરવાનો રહેશે.

## પદવી પ્રમાણપત્રની ખરાઈ

- પદવી પ્રમાણપત્રની ખરાઈ માટે નિયત નમુનામાં અથવા તો કોરા કાગળ પર અરજી કરવાની રહેશે.
- નિયત નમૂનાની સાથે જે પદવી પ્રમાણપત્રની ખરાઈ કરાવવાની હોય તે વિદ્યાથીએ એક વધારાનો આચાર્યશ્રી ધ્વારા પ્રમાણિત કરાવેલ નકલ ફરજીયાત આપવાનો રહેશે.
- જો કોઈ સરકારી કે અર્ધસરકારી કે ખાનગી સંસ્થા ધ્વારા પદવી પ્રમાણપત્રની ખરાઈ કરવામાં આવતી હોય તો તેવા સંજોગોમાં જે તે સંસ્થાએ બે સેટના રૂા. ૫૦૦/– ફી ભરવાની રહેશે.
- વિદ્યાર્થી પોતે ખરાઈ કરાવવા માંગતો હોય તો તે વિદ્યાર્થીને બે સેટના રૂા. ૩૦૦/– ફી ભરવાની રહેશે.
- જો વિદ્યાર્થીવધારાના સેટની જરૂરીયાત જણાયતો પ્રતિ સેટના રૂા. ૧૦૦/–ભરવાના રહેશે.

## ટ્રાન્સસ્ક્રીપ્ટ

- સૌ પ્રથમ અભ્યાસ અર્થે અથવા તો નોકરી માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ એ ટ્રાન્સસ્ક્રીપ્ટ વર્લ્ડ એજયુકેશન ધ્વારા નિયત ફોર્મમાં રજૂ કરવી ફરજીયાત છે તો તે માટે વિદ્યાર્થી જે કોલેજમાં છેલ્લે અભ્યાસ કર્યો હોય તે જ કોલેજના રેકર્ડ અને યુનિવર્સિટીની માર્કશીટ મુજબ જ ટ્રાન્સસ્ક્રીપ્ટ રેકર્ડ તૈયાર કરી યુનિવર્સિટીએ નિયત કરેલ નમૂનામાં વિદ્યાર્થીની સહી તેમજ આચાર્યશ્રીના સહી સિકકા સાથે યુનિવર્સિટીમાં રજુ કરવાનું રહેશે.
- વિદ્યાર્થીએ યુનિવર્સિટી ધ્વારા નિયત કરવામાં આવેલ રૂા. ૬૦૦/– ફી યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર અથવા કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરવાનો રહેશે.
- વિદ્યાર્થીએ કોલેજ રેકર્ડના ફોર્મ સાથે માર્કશીટની તે જ કોલેજના આચાર્યશ્રીએ પ્રમાણિત કરેલ નકલ બે કોપીમાં (સેટ) બીડવાનો રહેશે.
- જો વિદ્યાર્થી બે કરતા વધારે નકલ ઈચ્છતો હોય તો તેવા સંજોગોમાં પ્રત્યેક વધારાની નકલ ની ફી પેટે રૂા. ૨૫૦/– ભરવાના રહેશે.
- અધિકૃત અધિકારીના સહી સિકકા થયા બાદ યુનિવર્સિટી ધ્વારા વિદ્યાર્થીને સીલબંધ પેકેટમાં ટ્રાન્સસ્ક્રીપ્ટ અને આનુષાંગિક દસ્તાવેજો આપવામાં આવશે.

- વિદ્યાર્થીએ વર્લ્ડ એજયુકેશન ધ્વારા નિયત ફોર્મ માં જણાવેલ સરનામે ટ્રાન્સ્ક્રીપ્ટ મોકલવા માંગતો હોય તો તે વિદ્યાર્થીએ પોસ્ટેજ ચાર્જના રૂા. ૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) યુનિ. કેશ કાઉન્ટર પર ભરવાના રહેશે.
- જો વિદ્યાર્થી પોતે ટ્રાન્સસ્ક્રીપ્ટ પોતે જાતે લઈ જવા માંગતો હોય તેવા સંજોગોમાં પોતાનો સાચો મોબાઈલ નંબર લખવો અને ફોન થયા બાદ ત્રણ દિવસમાં મેળવી લેવાનું રહેશે.

**જનરલ સૂચના**

- યુનિવર્સિટીમાં  રોકડ નાણા યુનિવર્સિટી કેશ કાઉન્ટર ઓફિસ સમય દરમ્યાન ૧૧–૦૦ થી ૨–૦૦ સુધી જમા કરાવી શકશે.
- ઉપરોકત જણાવેલ પ્રમાણપત્રોની નિયત ફી રોકડે થી કેશ કાઉન્ટર પર અથવા *કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ* કઢાવીને ભરી શકશો.
- પોસ્ટલ ઓર્ડર કે અન્ય કોઈ માધ્યમથી ફી સ્વીકારવામાં આવશે નહિ જેની નોંધ લેવી.
- કોઈપણ અરજી રદ /વિલંબિત થઈ શકે છે જો :–
  - અરજી નિયત નમૂનામાં કરવામાં આવેલ નહિ હોય અથવા સંપૂર્ણ વિગતો ભરવામાં આવેલ નહિ હોય
  - યુનિવર્સિટી ધ્વારા નિયત કરવામાં  આવેલ ફી ભરવામાં આવેલ નહિ હોય અથવા તો ફી ભર્યા અંગેની પહોંચ સામેલ કરવામાં આવેલ નહી હોય.
  - અરજી સાથે જરૂરી તમામ બિડાણ રજૂ કરવામાં આવેલ નહી હોય.
- વિદ્યાર્થીઓએ તેમની અરજી યુનિવર્સિટીમાં કાર્યવાહી માટે આપ્યા બાદ તેમને કાઉન્ટર કર્મચારી ધ્વારા અપાયેલ સમયે પ્રમાણપત્ર હાજર રહેવું.
- આપના ધ્વારા યુનિવર્સિટીએ ઉપરોકત બાબતે નકકી કરેલ ફી ભરવામાં આવેલ છે તે અંગેના પુરાવા અવશ્ય અરજી સાથે જોડવા ના રહેશે અન્યથા યુનિવર્સિટી તરફથી કોઈ જ કાર્યવાહી કરવામાં આવશે નહિ જેની સર્વે એ નોંધ લેવી.
- વિદ્યાર્થીઓને ઝેરોક્ષ કરાવવા માટે યુનિવર્સિટી કેમ્પસમાં યુનિવર્સિટી કેમ્પસ, કેન્ટીન પર કાઢી આપવામાં આવે છે. (ચાર્જ લઈને)